RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 22, Dt.06-04-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રૂપાલા સામે ક્ષત્રિયો આરપાર લડાઈના મૂડમાં





## ક્ષત્રિય સમાજની એક જ માંગ રૂપાલાની ટિકીટ રદ કરોઃ પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં મહાસંમેલનનું આયોજન કરાશેઃ રાજકોટમાં હરભમજીરાજ ગરાસિયા બોર્ડિંગ ખાતે રાજપૂત સમાજની કોર કમિટીની બેઠકમાં લેવાયો નિર્ણય

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પુરુષોતમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે જે ટિપ્પણી કરવામાં આવી હતી તેનાથી રાજકોટ સહિત રાજ્ય તેમજ રાષ્ટ્રના ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે. રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજની ગોંડલમાં મળેલા સંમેલન દરમિયાન જાહેરમાં હાથ જોડી માફી માગવામાં આવી હતી. આ ઉપરાંત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા પણ હાથ જોડી ક્ષત્રિય સમાજની માફી માગવામાં આવી હતી. પરંતુ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદનથી ક્ષત્રિય સમાજના કરણી સેના સહિતનાં યુવાનો તેમજ બહેનો રોષે ભરાયાં છે અને રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ કરવામાં આવે તેવી એક જ માગ કરી રહ્યાં છે.

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં મહાસંમેલનનું આયોજન કરશે. જેને લઈને આજે ગોંડલ રોડ પર આવેલી હરભમજીરાજ ગરાસિયા બોર્ડિંગ ખાતે રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં કોર કમિટીના ૧૬ સભ્યો હાજર રહ્યા હતા. આગામી સમયમાં ક્યાં પ્રકારની રણનીતિ ઘડવી તેની ચર્ચા-વિચારણા બેઠકમાં કરવામાં આવી હતી. બેઠક બાદ આગેવાનોએ જણાવ્યું હતું કે, રૂપાલાએ જાતે જ ચૂંટણી મેદાનમાંથી હટી જવું જોઈએ, ગામડાઓમાં પણ સંમેલન કરીશું

ચાર દિવસથી અન્નત્યાગ પર રહેલા પદ્મિનીબા વાળા પણ મિટિંગમાં પહોંચ્યા હતા. જોકે, અડધી કલાકમાં જ તેઓ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા.તેઓએ મીડિયા સાથે વાતચીત કરવાનું ટાળ્યું હતું. કયાં કારણોસર પદ્મિનીબા બેઠક છોડી બહાર નીકળ્યા તે અંગેનું કારણ જાણી શકાયું નથી. ૧૨.૩૦ વાગ્યે શરૂ થયેલી બેઠક હાલ ચાલુ છે. જ્યારે ગરાસિયા બોર્ડિંગ બહાર પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### ખંભાળિયામાં પાટીલના કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજનો હલ્લાબોલઃ સૂત્રોચ્ચાર કરી ખુરશીઓ ઉંધી વાળી



દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમનો લોકાર્પણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મંત્રી મુળુ બેરા, પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, રજની પટેલ, કુંવરજીભાઈ બાવળિયા, આર.સી. ફળદુ, હકુભા જાડેજા, સહિતના નેતાઓ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં ઓચિંતા ક્ષત્રિય સમાજના કાર્યકરોએ ઘસી આવી રૂપાલા હાય હાય, રૂપાલાની ટિકિટ રદ કરોના નારા લગાવ્યા હતા.

# લોકસભાની ચૂંટણી પહેલાં જ કેન્દ્ર સરકારે આગામી ટર્મ માટે કરવાના કામો કરવા તરફ પગલાં ભર્યા

## મંત્રાલયો ઘટશે, વડીલોનું પેન્શન વધવા સાથે સંરક્ષણ બજેટમાં પણ વધારો થશેઃ અધિકારીઓ કામે લાગ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણી-૨૦૨૪ પહેલા જ ભારત સરકારે તેની આગામી ટર્મ માટે કરવાના કામો તરફ પગલા ભર્યા છે. આ અંતર્ગત અધિકારીઓએ એક્શન પ્લાન તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. આને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય કેબિનેટ સચિવ દ્વારા તાજેતરમાં એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં ડ્રાફ્ટમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. આ અંતર્ગત ૨૦30 સુધીમાં વરિષ્ઠ નાગરિકોની હિસ્સેદારી સાથે પેન્શન લાભો ૨૨ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે''



ભારતીય જનતા પાર્ટી લોકસભાની ચૂંટણીમાં પોતાની જીતનો વિશ્વાસ ધરાવે છે. ભગવા પાર્ટીને વિશ્વાસ છે કે નરેન્દ્રભાઈ મોદી સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનશે. સરકારી અધિકારીઓ પણ આ બાબતે પૂરેપૂરા આત્મવિશ્વાસ ધરાવે છે. દેશના ટોચના અધિકારીઓ નવી સરકાર માટે એક્શન પ્લાન બનાવવામાં વ્યસ્ત છે. જો પીએમ મોદી ત્રીજી વખત કાર્યભાર સંભાળે છે તો મંત્રાલયોની સંખ્યામાં ઘટાડો થવાની સંભાવના છે. હાલમાં કુલ ૫૪ મંત્રાલયો છે. આ સિવાય આગામી છ વર્ષમાં વિદેશમાં ભારતીય મિશનની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થવાની પણ સંભાવના છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ ખાનગી રોકાણ તેમજ પ્રાધાન્યતા પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન સરળ બનાવવા માટે મિકેનિઝમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# ઈઝરાયેલ પર મોટા હુમલાની ઈરાનની તૈયારીઃ અમેરિકાને પણ આપી ચેતવણી

## ઈઝરાયેલ હાઈ એલર્ટ પરઃ અનેક દુતાવાસો બંધ કર્યાઃ નૌકા દળને એલર્ટ પર મુકયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈઝરાયેલનના ગાઝાક્ષેત્રમાં હમાસ સામેના લશ્કરી પગલાના પગલે મધ્ય પુર્વમાં સર્જાયેલો તનાવ હવે ભડકો બની જવાની તૈયારીમાં છે. હાલમાં જ સિરિયામાં ઈરાનના દૂતાવાસ પર ઈઝરાયેલના મિસાઈલ હુમલા તથા તેઓ ઈરાની સૈન્યના ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત બાદ ઈરાને પણ ઈઝરાયેલ પર વળતા હુમલાની તૈયારી કરી છે અને અમેરિકાને પણ હવે નવચ્ચેથ નહી આપવા ચેતવણી આપી છે.



તો બીજી તરફ ઈઝરાયેલ પણ એલર્ટ થયુ છે તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને તેમના સૈન્યની તમામ રજાઓ રદ કરવા ઉપરાંત તેની તમામ દૂતાવાસ કચેરીઓને પણ હાલ જાહેર કામગીરી માટે બંધ કરીને હાઈએલર્ટ પર મુકી છે તથા જે તે દેશને પણ આ દૂતાવાસને સુરક્ષા આપવા જણાવ્યું છે.

ઈઝરાયેલના હુમલાથી સમસમી ગયેલા ઈરાને હવે તે ઈઝરાયેલને વળતા જવાબ આપવા જઈ રહ્યું છે તેવો સંકેત આપી દીધો છે તથા ખાસ કરીને અમેરિકાને એક ખાસ લેખીત સંદેશમાં તેની આ ઈઝરાયેલ સામેની કાર્યવાહીમાં નવચ્ચેથ નહી આવવા તાકીદ કરી છે અને નેતાનયાહુની જાળમાં પણ નહી ફસાવાનો અનુરોધ કર્યો હતો. ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશ્યલ મીડીયામાં એક પોષ્ટ મુકીને ચેતવણીના સ્વરમાં લખ્યું કે, અમેરિકાએ વચ્ચે આવવું જોઈએ નહી જેથી તે પણ હુમલાનો ભોગ બની જાય નહી તે તેણે નિશ્ચિત કરવું પડશે. અમેરિકાએ હજું આ અંગે કોઈ પ્રતિભાવ આપ્યો નથી પરંતુ આ ચેતવણી બાદ અમેરિકા પણ હાઈએલર્ટ પર છે.

ખાસ કરીને ઈઝરાયેલ તથા મધ્યપુર્વમાં તેના મથકો તથા વ્યાપારી હિતોની સુરક્ષા વધારી છે. ઈઝરાયેલના આ હુમલાથી પશ્ચીમી એશિયામાં તનાવ છે અને ઈરાન ચોકકસ જવાબ આપશે તેવો સંદેશો દુનિયાભરને મળી ગયો છે.

# પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં રામ મંદિરે તાજમહેલને પાછળ છોડયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

યુપીમાં રામ મંદિર પ્રવાસીઓની પહેલી પસંદ બની ગયું છે. પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં હવે રામ મંદિરે તાજમહેલને પાછળ છોડી દીધું છે. કમાણીનું પણ કંઈક આવું જ છે. હવે પ્રવાસીઓની પહેલી પસંદ તાજમહેલ નહીં પરંતુ કાશી વિશ્વનાથ અને રામ મંદિર છે. પ્રવાસન વિભાગના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે. ગત વર્ષે કાશી બાદ સૌથી વધુ લોકો અયોધ્યા પહોંચ્યા હતા.

મંદિર-મસ્જિદ વિવાદને કારણે વર્ષોથી વિવાદમાં રહેલ અયોધ્યા હવે ધાર્મિક પર્યટનનું હબ બની ગયું છે. રામનગરીના સર્વાંગી વિકાસ માટે ૩૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ આકાર લઈ રહ્યા છે. સુવિધાઓ વધી હોવાથી રામનગરીમાં પ્રવાસન પણ વધ્યું છે.કોરિડોરે કાશીનો અને રામ મંદિરે અયોધ્યાનો ચહેરો બદલી નાખ્યો છે.

સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. દીપોત્સવ જેવા કાર્યક્રમોએ અયોધ્યાને વૈશ્વિક ઓળખ અપાવી છે. ઘાટનું સુશોભિતીકરણ, રામ કી પૌરીની ભવ્યતા, પ્રાચીન મંદિરોનું સુશોભિતીકરણ, ભક્તિની અનુભૂતિ કરાવતા માર્ગો વગેરે જેવી વિવિધ યોજનાઓ



દ્વારા અયોધ્યાની સુંદરતામાં વધારો કરવામાં આવ્યો છે, જેણે ભક્તોને આકર્ષ્યા છે.આ એ જ અયોધ્યા છે, જ્યાં ૨૦૧૯ પહેલા લોકો આવવાથી અચકાતા હતા.

૯ નવેમ્બર ૨૦૧૯ના રોજ રામ મંદિરના પક્ષમાં નિર્ણય આવ્યા બાદ રામ લલ્લાને તંબુમાંથી મુક્ત કરવામાં આવતા જ અયોધ્યાની ગરિમા પણ પાછી આવવા લાગી. અયોધ્યાનું આકર્ષણ એ છે કે ગયા વર્ષે કાશી પછી સૌથી વધુ ૫,૭૫,૧૫,૪૨૩ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચ્યા હતા. ડેપ્યુટી ડાયરેક્ટર ટુરીઝમ આરપી યાદવનું કહેવું છે કે હવે આગ્રા કરતા વધુ શ્રદ્ધાળુઓ કાશી અને અયોધ્યા આવી રહ્યા છે.

# રાજકોટના મધ્યસ્થ કાર્યાલય ખાતે ભાજપના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

## પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુ વાળા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ, ટપુ લીંબાસિયા, પૂર્વ મેયર જનક કોટક, પૂર્વ શહેર ભાજપ અધ્યક્ષ પ્રતાપ કોટક સહિત આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે ભાજપનાં ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ગઈકાલથી પ્રચારમાં લાગી ગયા છે અને વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યા છે. ત્યારે આજે મધ્યસ્થ કાર્યાલય ખાતે ભાજપના સ્થાપના દિવસની ઉજવણીમાં પણ તેઓ હાજર રહ્યાં હતાં. આ તકે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ ઉપસ્થિત રહ્યાં હતા. અહીં તેમણે જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ ક્ષમા આપનારો છે, મને ચોક્કસ વિશ્વાસ છે કે ક્ષત્રિય સમાજ પરસોત્તમ રૂપાલાને માફી આપી દેશે. ઉપરાંત ભાજપની ભવ્ય જીતનો વિશ્વાસ પણ તેમણે દર્શાવ્યો હતો.



આજે દેશભરમાં ભાજપ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટનાં મધ્યસ્થ કાર્યાલય ખાતે ભાજપનો ઝંડો ફરકાવી તેમજ વરિષ્ઠ આગેવાનોનું સન્માન કરી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુ વાળા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ, ટપુ લીંબાસિયા, પૂર્વ મેયર જનક કોટક, પૂર્વ શહેર ભાજપ અધ્યક્ષ પ્રતાપ કોટક સહિત આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મીડિયા સાથે કરેલી વાતચીતમાં જણાવ્યું હતું કે, પુરુષોત્તમ રૂપાલાએ બે વખત માફી માંગી લીધી છે. ક્ષત્રિય સમાજ હંમેશા ક્ષમા આપનારો સમાજ છે. મને ચોક્કસ વિશ્વાસ છે કે, ક્ષત્રિય સમાજ પુરુષોત્તમ રૂપાલાને માફી આપી દેશે. તો પરેશ ધાનાણીને લઈ ચાલી રહેલી અટકળો મામલે જણાવ્યું હતું કે, પરેશ ધાનાણીને લાભ લેવો હોય તો તે પણ ભલે લાભ લઈ લે, પરંતુ શબ્દો યાદ રાખજો પરેશ ધાનાણી ખરાબ રીતે હારશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની તમામ ૨૬ બેઠક પર ભારતીય જનતા પાર્ટીને કોઈપણ પડકાર નથી. આઝાદી પછી પ્રથમવાર ભારતીય જનતા પાર્ટી એકલા હાથે ચૂંટણી લડી રહી છે. તમામ બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટી પોતાના ઉમેદવાર ઉતારશે. તાજેતરમાં ત્રણ જેટલા સીટિંગ ખડ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. જેમાં બે કોંગ્રેસના MP અને એક આમ આદમી પાર્ટીના ખડ સામેલ છે. કોંગ્રેસ દ્વારા રાજકોટ બેઠકનાં ઉમેદવાર જાહેર ન થવા અંગે જણાવ્યું હતું કે, કોંગ્રેસને ઉમેદવાર નથી મળતા તો કાર્યકર્તા ક્યાંથી મળે? ત્યારે તમામ ૨૬ બેઠકો ઉપર ભાજપની જીત નિશ્ચિત છે.

# હવે UPI દ્વારા જ પૈસા જમા કરાવી શકાશેઃકેશ ડિપોઝિટ મશીનમાં સુવિધા મળશે, UPI દ્વારા ચુકવણી અને રોકડ ઉપાડની સુવિધા મળી શકશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટૂંક સમયમાં જ તમે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એટલે કે UPI દ્વારા રોકડ જમા કરાવી શકશો. RBIના ગવર્નર શક્તિકાંત દાસે આજે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રથમ નાણાકીય નીતિની જાહેરાત કરતી વખતે આ માહિતી આપી હતી.

તેમણે કહ્યું હતું કે UPIની લોકપ્રિયતા અને સ્વીકૃતિને ધ્યાનમાં રાખીને હવે એના દ્વારા રોકડ જમા કરવાની સુવિધા આપવાનો પ્રસ્તાવ છે. આ સુવિધા CDM (કેશ ડિપોઝિટ મશીન)માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હાલમાં ડેબિટકાર્ડનો ઉપયોગ CDM દ્વારા રોકડ જમા કરાવવા માટે થાય છે. હવે તમે UPI દ્વારા પેમેન્ટ કરીને રોકડ ઉપાડી શકો છો.

એક નિવેદન જારી કરીને RBIએ કહ્યું હતું કે બેંકો દ્વારા સ્થાપિત રોકડ ડિપોઝિટ મશીન ગ્રાહકોની સુવિધામાં વધારો કરે છે અને બેંક શાખાઓ પર રોકડ હેન્ડલિંગનો બોજ પણ ઘટાડે છે.

UPIની લોકપ્રિયતા અને એના દ્વારા કાર્ડલેસ રોકડ ઉપાડથી પ્રાપ્ત થયેલા અનુભવને ધ્યાનમાં રાખીને રોકડ જમા કરાવવાની સુવિધા આપવાનો પ્રસ્તાવ છે. આ માટેની કામગીરીની સૂચના ટૂંક સમયમાં જારી કરવામાં આવશે.




આ સિવાય RBIએ PPI (પ્રીપેડ પેમેન્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ) વોલેટ્સમાંથી UPI પેમેન્ટ કરવા માટે થર્ડ-પાર્ટી એપ્સનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં PPI દ્વારા UPI ચુકવણીની સુવિધા ફક્ત PPI કાર્ડ જારી કરતી કંપનીની વેબસાઇટ અથવા મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને કરી શકાય છે. શક્તિકાંત દાસે નિવેદનમાં જણાવ્યું હતું કે આનાથી PPI કાર્ડધારકોને બેંક ખાતાધારકોની જેમ UPI ચુકવણી કરવામાં મદદ મળશે.

PPI વોલેટ દ્વારા UPI પેમેન્ટ કરવાની સુવિધા મળ્યા પછી જો તમારી પાસે પ્રીપેડ કાર્ડ, સ્માર્ટ કાર્ડ અથવા મોબાઇલ PPI વોલેટ છે, તો તમે એમાં રાખેલા પૈસા UPI દ્વારા પણ ખર્ચ કરી શકશો. આ માટે તમે PhonePe, GooglePay, Amazon Pay અને અન્ય થર્ડ પાર્ટી UPI એપ્સનો ઉપયોગ કરી શકશો.

અગાઉ દેશમાં એટીએમ દ્વારા માત્ર ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા જ રોકડ ઉપાડવાની સુવિધા હતી. UPI દ્વારા રોકડ ઉપાડવાની સુવિધા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે NPCI દ્વારા ૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી. એને ઇન્ટરઓપરેબલ કાર્ડલેસ કેશ ઉપાડ સિસ્ટમ પણ કહેવામાં આવે છે. ચાલો... યુપીઆઈ દ્વારા સ્ટેપ બાય સ્ટેપ કાર્ડલેસ રોકડ ઉપાડવાની પ્રક્રિયા વિશે જાણીએ-

સૌપ્રથમ ATMમાં UPI વિકલ્પ પસંદ કરો અને રકમ દાખલ કરો.

આ પછી તમારી સામે UPI-QR કોડ દેખાશે.

હવે એને સ્કેન કરો અને પછી UPI-PIN દાખલ કરો.

આ પછી એટીએમમાંથી રોકડ એકત્રિત કરો.

હવે જો તમે તમારા કે અન્ય કોઈના બેંક ખાતામાં રોકડ જમા કરાવવા માગતા હોવ તો એ બે રીતે કરી શકાય છે. પહેલા બેંકમાં જાઓ અને ખાતામાં પૈસા જમા કરો. જ્યારે બીજી રીત કેશ ડિપોઝિટ મશીનમાં બીજી રીત કેશ ડિપોઝિટ મશીનમાં ડેબિટ કાર્ડ દ્વારા. ચાલો ડેબિટ કાર્ડના માધ્યમથી સ્ટેપ બાય સ્ટેપ કેશ જમા કરવાની પ્રોસેસ વિશે જાણીએ...

# કોરોનાથી પણ ઘાતક બીમારીએ વિશ્વના દેશોની ચિંતા વધારી, કુલ દર્દીમાંથી ૫૦%ના મોતથી ખળભળાટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડોક્ટરોએ અને આરોગ્ય નિષ્ણાંતોએ બર્ડ ફ્લૂ ઇંપગ૧ને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું છે કે, આ નવો રોગ કોરોના મહારમારીથી પણ ૧૦૦ ઘણો વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. તેમણે પ્રબળ સંભાવના વ્યક્ત કરતા કહ્યું છે કે, આ રોગમાં સપડાયેલ અડધા વધુ દર્દીનું મોત પણ થઈ શકે છે અને આ વાયરસ વૈશ્વિક મહામારી બની શકે છે.

પેન્સિલવેનિયાના પિટ્સબર્ગના ટોચના બર્ડ ફ્લૂ સંશોધનકર્તા ડો.સુરેશ કુચિપુડીએ ચેતવણી આપતા કહ્યું છે કે, ઇંપગ૧ મનુષ્યો ઉપરાંત ઘણા સ્તરધારી જાનવરોને પણ સંક્રમિક કરી શકવાની શક્તિ ધરાવતો હોવાથી વિશ્વભરમાં મહામારી ફેલાવાઈ શકે છે. આ ઉપરાંત ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના સલાહકાર જોન ફુલ્ટને પણ કહ્યું છે કે, 'જો મહામારી વધશે તો ઘણુ ગંભીર સ્થિતિ ઉભી થઈ શકે છે. આ રોગ કોવિડથી પણ વધુ ઘાતક બની શકે છે. એવું લાગી રહ્યું છે કે, કોવિડથી ૧૦૦ ઘણી વધુ ખરાબ સ્થિતિ ઉભી થઈ શકે છે.'



ગત વર્ષે એપ્રિલમાં કેનેડામાં બર્ડ ફ્લૂના કારણે એક પાલતુ કૂતરાનું મોત થયું હતું. કૂતરાના મોતથી આરોગ્ય અધિકારીઓ ચિંતામાં મુકાયા હતા. કારણ કે, પાલતુ શ્વાન ઘણીવાર માણસોની નજીક રહે છે અને તેમના સંપર્કમાં આવે છે. કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતમાં જંગલી હંસ ખાધા બાદ આ પાલતુ કૂતરાને બર્ડ ફ્લૂનો ચેપ લાગ્યો હતો. બર્ડ ફ્લૂના કારણે તેની તબિયત બગડતાં કૂતરાનું મોત થયું હતું. કેનેડિયન ફૂડ ઇન્સ્પેક્શન એજન્સી (CFIA) એ જણાવ્યું હતું કે, ઓટોપ્સીથી જાણવા મળ્યું છે કે, કૂતરાની શ્વસન પ્રણાલી પર ખરાબ અસર પડી હતી. કેનેડામાં આ પ્રકારનો પ્રથમ કેસ જોવા મળ્યો છે.

એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા અ વાયરસ, જેને સામાન્ય રીતે બર્ડ ફ્લૂ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે મુખ્યત્વે બતક અને મરઘા જેવા પક્ષીઓમાં ફેલાય છે. વર્ષ ૨૦૨૨થી વિશ્વભરમાં સ્થાનિક અને જંગલી પક્ષીઓ બંનેમાં બર્ડ ફ્લૂના કેસોમાં વધારો થયો છે. એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા A (H5N1) વાયરસના કારણે વિશ્વભરમાં અસંખ્ય પક્ષીઓના મોત થતા રહે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ વાયરસ ઓટર્સ, સી લાયન, શિયાળ, ડોલ્ફિન, સીલ, બિલાડી સહિતના અન્ય જીવોમાં પણ ફેલાયો છે. વૈજ્ઞાનિકોએ આ વાયરસના વધતા પ્રકોપ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. પક્ષીઓમાંથી અન્ય સજીવોમાં ફેલાવાની તેની વૃત્તિને કારણે બર્ડ ફ્લૂ આગામી રોગચાળાનું કારણ બની શકે છે.

મનુષ્યમાં બર્ડ ફ્લૂના લક્ષણો

ખૂબ તાવ, ગરમી અથવા ધ્રુજારી અનુભવવી

સ્નાયુમાં દુખાવો

માથાનો દુખાવો

ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ

ઝાડા

બીમાર પડવું

પેટમાં દુખાવો

છાતીમાં દુખાવો

નાક અને પેઢાંમાંથી લોહી આવવું

આંખ આવવી

# ભાવનગર રોડ પર મહીકા ગામ પાસે યુવાનને ચાર શખ્સોએ માર મારતા ફરિયાદ

## મારુતિનંદન ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં પૈસાની લેતી દેતી બાબતે મોરબીના શખ્સે યુવાનને આપી ફોન પર ધમકી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે મહીકા ગામ પાસે ભરવાડી યુવાનને ચાર શખ્સોએ માર માર્યો હોવાનું અને મારુતિ નંદન ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં યુવાનને મોરબીના શખ્સે ફોન પર ધમકી આપી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાય છે.

પ્રથમ બનાવમાં મંડળ ડુંગર પાસે આવેલા સુંદરમ પાર્ક માં રહેતા બીપીન રાજુભાઈ સાટીયા નામનો ભરવાડ યુવાન ગઈકાલે મહીકા ગામ ના તળાવ પાસે હતો ત્યારે હરેશ વશરામ સાટીયા હકા રાણા વિજય અરજણ સાટીયા હમીર સાટીયા સહિતના શખ્સોએ કોઈ બાબતે ઝઘડો કરી યુવાન પર ધોકા અને પાઇ પડે હુમલો કરી માર મારતા આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ જે.એમ.બોરીચા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે જ્યારે બીજા બનાવમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ગોરધન ચોક પાસે સ્કાય હાઈટ માં રહેતો કારખાનેદાર વિશાલ મહેન્દ્ર પરમાર ના નામના યુવાન ના ભાઈ ચિરાગ સાથે મોરબીના હાર્દિક કૈલા નમના શક સાથે પૈસાની લેતી દેતી બાબતે બોલાચાલી થતા આ શખ્સે ફોન પર મારી નાખવાની ધમકી આપતા કારખાને દાર આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ ડીજે જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# વેકેશન દરમિયાન સ્કુલો બંધ રાખી અને FRCની વિરુદ્ધ ફિના ઉઘરાણા બંધ કરો: એનએસયુઆઈએ આપ્યું આવેદન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થાય છે અને ૧૨ ની પરીક્ષા ચાલુ વર્ષ વિદ્યાર્થી માટે ખુબજ ચિંતામાં રહ્યુ હોય છે અને ખુબ જ મહેનત કરી આ પરીક્ષા પૂર્ણ કરી હોય છે. જયારે સેલ્ફ ફાયનાન્સ સ્કુલો માત્રને માત્ર ફિના ઉઘરાણા કરવા માટે થઈને પરીક્ષા પૂર્ણ થયાના તરત જ ધોરણ ૧૧ નું અભ્યાસક્રમ ચાલુ કરી દે છે ત્યારે આ વિદ્યાર્થીઓ હજુ ચિંતામાંથી બહાર નીકળ્યા હોય ત્યાં જ તેને તરત જ સ્કુલ ચાલુ કરી અને પાછા ચિંતામાં રહેવાનું કામ માત્રને માત્ર ફિના ઉઘરાણા કરવા માટે કરે છે આ સ્કુલો વારંવાર સરકારના વેકેશનના નિયમનો ઉલ્લંઘન કરે છે. જેનો એનએસયુઆઈ વિરોધ કરે છે ત્યારે એનએસયુઆઈએ શિક્ષણાધિકારી સમક્ષ માંગ કરી છીએ કે વેકેશન દરમિયાન એકપણ શાળા ચાલુ ના રહે તેવો એક આપના દ્વારા પરિપત્ર કરવામાં આવે.




(તસ્વીર: આનંદ જાવિયા)

સરકાર દ્વારા જે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની ફિ નક્કી કરવા માટે FRCની સ્થાપના કરી અને FRC દ્વારા આ સ્કૂલોની ફિ નક્કી કરવામાં આવતી હોય છે. તે મુજબ જ વિદ્યાર્થીઓ પાસે ફિ લેવાની હોય છે. જયારે ઘણી સ્કુલો એવી છે જે સરકારના નિયમોની ગંભીરતા લેતા નથી અને FRC એ નક્કી કરેલી ફિ કરતા વધારે ફિ વિદ્યાર્થી પાસે વસુલવાનું કામ થઈ રહ્યું છે. તો એના પર પણ કાયદેસરના પગલા લેવામાં આવે એવી ખાસ અમારી માંગ છે.

# ડો.આંબેડકરની પ્રતિમાની સફાઈની રીલ પર બિભત્સ કોમેંટ કરનાર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ ચોકમાં સ્થાપિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાની સાફસફાઈ માટે ગયેલ યુવતીએ ઈન્સ્ટાગ્રામમાં મુકેલી રીલ પર બીભત્સ ગાળો આપી કોમેન્ટ કરનાર શખ્સ સામે યુનિવર્સિટી પોલીસ મથકમાં એટ્રોસીટીની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મૂળ કોડીનારના વતની અને હાલ ધરમનગર આવાસ કવાર્ટરમાં રહેતા અને ઓનલાઈન પ્રોડકટ વેચવાનું કામ કરતાં કિરણબેન તેજાભાઈ વાજા નામની યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક નિરવ મોરી નામના શખ્સનું નામ આપ્યું છે. પોલીસ ફરિયાદમાં કિરણબેને જણાવ્યું હતું કે ગઈ તા.૨૪/૩ના તેઓ હોસ્પીટલ ચોકમાં આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સાફ સફાઈ કરવા માટે ગયેલ હતા. ત્યારે તેઓએ પ્રતિમાની આસપાસ ગંદકી થયેલ હોય તેવું જોવામાં આવતા તે સાફ સફાઈ કરવા માટે સીસીટીવી કેમેરા મુકવા વિનંતી કરતો વિડીયો મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી ઈન્સ્ટાગ્રામ આઈડી પર રીલ પોસ્ટ કરેલ હતી. આ રીલ પર ઈન્સ્ટાગ્રામ યુઝર્સ મોરી ૫૦૯ વાળી આઈડી પરથી એક બીભત્સ કોમેન્ટ કરેલ છે. જેથી તેને મેસેજ કર્યો હતો. બાદમાં રાતના આરોપીના ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી બીભત્સ વોઈસ મેસેજ આવ્યો અને આરોપીએ ધમકી આપી હતી. જેથી યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર અને સાંજ સમાચાર દ્વારા સુરમયી સાંજ ૨૦૨૪ નું ભવ્ય આયોજન

## પદ્મ વિભુષણ સરોદ ગ્રાન્ડ માસ્ટર ઉસ્તાદ અમઝદ અલી ખાન તેમના બે પુત્રો અમાન અલી બંગાસ, અયાન અલી બંગાસ દ્વારા સરોદ વાદનનો ભવ્ય કાર્યક્રમ આજે યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્ડિયન કલાસીક મ્યુઝિકના શોખીનો માટે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટ અને સાંજ સમાચાર દ્વારા તારીખ ૦૬ એપ્રિલ ૨૦૨૪ ને શનિવારે રાત્રે ૭:૦૦ કલાકે હોટલ સીઝન્સ, અવધ રોડ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ રોલેક્સ રીંગ થ્રી જનરેશન વન નેશન: સુરમયી સાંજ ૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



(તસ્વીર: આનંદ જાવિયા)

આ ઉમદા ચેરીટી પ્રોગ્રામમાં ગુજરાતમાં સૌ પ્રથમ વખત પદ્મ વિભુષણ સરોદ ગ્રાન્ડ માસ્ટર ઉસ્તાદ અમઝદ અલી ખાન સાહેબ તેમના બે પુત્રો અમાન અલી બંગાસ, અયાન અલી બંગાસ અને બે પૌત્રો જોહાન અલી બંગાસ તથા આબીર અલી બંગાસ દ્વારા સરોદ વાદનનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. પદ્મ વિભુષણ અમઝદ અલી ખાન સાહેબ તેમના સ્પષ્ટ અને ઝડપી ઈખરા તાન્સ માટે જાણીતા છે.

આ કાર્યક્રમના આયોજનનો ઉમદા હેતુ બી. ટી. સવાણી કીડની હોસ્પિટલ ખાતે અતિ આધુનિક ઈન્ટેન્સીવ કેર યુનીટ બનાવી આપવાનો છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધારે કીડની ટ્રાન્સપ્લાન્ટ કરતી આ હોસ્પિટલ ખાતે હાલમાં આધુનિક આઈ.સી.યુ. ની તાતી જરૂરિયાતને ધ્યાને લઇને રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા આ બાબતે યોગ્ય કાર્યવાહી હાથ ધરી છે. આ ચેરીટી કાર્યક્રમ માટે આયોજકો દ્વારા આમંત્રિત મહેમાનોને પ્રવેશ આપવામાં આવશે. તદુપરાંત ઉપરાંત જાહેર જનતા માટે રજીસ્ટ્રેશન લીંક સોશ્યલ મીડિયામાં આપવામાં આવી હતી. એ લીંક પર રજીસ્ટ્રેશન કરાવનાર લોકોને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ ઉમદા કાર્ય માટે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટને રોલેક્સ રીંગ, કનૈયાલાલજી મહારાજશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ, ઓમનીટેક, શ્રી અંબીકા સોલ્ટ વર્કસ, બાલાજી વેફર્સ, વીઆઇપી પેલીકન્સ, પરીન ટાટા મોટર્સ, ક્રીસ્ટલ ગૃપ, શિલ્પા લાઈફ સ્ટાઈલ, રાધીકા જ્વેલર્સ, હાથી મસાલા, પ્રેમજી વાલજી જ્વેલર્સ, માઈક્રોફાઈન આટાચકકી, એપલફડસ, ક્લાસીક નેટવર્ક, પુજારા ટેલીકોમ, શાઈનીંગ, ઓમ રેસીડેન્સી એન્ડ આર્કેડ, સ્પેસ ઓડીસી, આર. કે. ગૃપ, નેલ લાઈફ કેર પ્રોડક્ટ્સ, બોમ્બે સુપર, લાખાણી એન્જીન્યરીંગ વર્કસ, વિકાસ સ્ટવ, કુકવેર, મેલેમાઈન, ધ કેપીટલ લકઝરીયસ કોર્પોરેટ, રારા, અર્જુન જ્વેલર્સ, રીજન્સી લગુન, સીઝન્સ હોટલ તથા ગ્લોબલ પબ્લીસીટી સહીત અનેક નામી અનામી લોકોનો સહયોગ પ્રાપ્ત થયો છે. રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર છેલ્લા ૩૭ વર્ષથી સમાજના છેવાડાના માનવીને ઉપયોગી થવા આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, મહીલા અને બાળ વિકાસ, રોજગાર સહિત વિવિધ ક્ષેત્રોમાં સતત પ્રયત્નશીલ છે.

આરોગ્ય ક્ષેત્રે, રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા શહેરની વિવિધ હોસ્પિટલોમાં આજ દિન સુધીમાં નીચે મુજબની સુવિધાઓ ઉભી કરી આપવામાં આવી છે. રાજકોટ કેન્સર સોસાયટી હોસ્પિટલને મેમોગ્રાફી મશીન, હાઈ ડોઝ બ્રેકીથેરાપી મશીન તથા અતિ આધુનિક ૨ઙ મેમોગ્રાફી મશીન લોકોની સેવા સુશ્રુષા હેતુ અર્પણ કરવામાં આવ્યું છે. બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ ખાતે ૧૫ ડાયાલિસિસ મશીન અને આધુનિક સીટી સ્કેન મશીનની સુવિધા ઉભી કરી આપવામાં આવી છે. પંચનાથ હોસ્પિટલ રાજકોટ ખાતે આધુનિક સુવિધાયુકત મોડ્યુલર ઓપરેશન થીયેટર તૈયાર કરી આપવામાં આવ્યું છે. જે દરીદ્રનારાયણની સેવામાં ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

અસ્માતે દાઝી જતાં લોકો માટે અતિ આશિર્વાદરૂપ ગુજરાતની સૌપ્રથમ કાર્યરત સ્કીન બેન્ક રાજકોટ ખાતે ઉભી કરવામાં આવી. જેનુ સંચાલન હાલ રેડક્રોસ સોસાયટી કેમ્પસ ખાતે રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવી રહ્યુ છે. તદુપરાંત રાજકોટ પીડીયુ સરકારી હોસ્પિટલ ખાતે એચ.આઈ.વી પોઝિટિવ પેશન્ટ માટે ડાયાલિસિસ મશીન અને થેલેસેમીયાના દર્દીઓ માટે અતિ ઉપયોગી એવા એલ.આર. મશીનની સુવિધા ઉભી કરવામાં આવી છે. તદુપરાંત મેન્સટ્રુઅલ હાઈજીન, ગુડ ટચ,બેડ ટચ વગેરે બાબતે શહેરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડોક્ટરના માર્ગદર્શન હેઠળના નિયમિત રીતે શાળા કોલેજોમાં માર્ગદર્શન સેમીનારના આયોજન કરવામાં આવે છે. સ્કુલ ઓન વ્હીલ્સ અંતર્ગત, કન્સ્ટ્રકશન સાઈટસ પર રહેતા મજુરોના બાળકો ક્યારેય શાળા એ જઈ શકતા નથી.આવા બાળકોને સાઈટ્સ પર જઈને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.રોલેક્સ રીંગ થ્રી જનરેશન વન નેશન: સુરમયી સાંજ ૨૦૨૪ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈવેન્ટ ચેર રો. અમિત રાજા, કરણભાઈ શાહ સાંજ સમાચાર તથા રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટરના પ્રેસિડેન્ટ રો. નિલેશ ભોજાણી, સેક્રેટરી રો.જયદેવ શાહ, રો. આશિષ જોશી, રો. અનુપ જોશી, રો. જયદીપ વાઢેર, રો. ભાવેશ વેગડા, રો. પરેશ કાલાવડીયા, રો. પ્રિયાંક ભરાડ, રો. યશ રાઠોડ, રો. સરજુ પટેલ, રો. રાજેશ પરસાણા, રો. રવિ છોટાઈ, રો. નેવિલ વૈશ્નવ, રો. ભાવેશ મહેતા, રો. નિલેશ શેઠ સહિત ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.આરોગ્ય ક્ષેત્રે, રોટરી ક્લબ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા શહેરની વિવિધ હોસ્પિટલોમાં આજ દિન સુધીમાં નીચે મુજબની સુવિધાઓ ઉભી કરી આપવામાં આવી છે.

# લોધેશ્વર સોસાયટીમાં પતિના વિયોગમાં પત્નીનો આપઘાત

## મહિના પહેલાં પતિએ આર્થિક ભીંસથી કંટાળી જીવન ટુંકાવી નાંખતા ગુમસુપ રહેતી વિધવાએ ગઈકાલે ઝેરી દવા પી મોત વ્હાલુ કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં રહેતા મહિલાએ પતિના વિરહમાં ઝેરી દવા પી લઈ જીવન ટૂંકાવી લેતાં તેમની બે વર્ષની દીકરી નોંધારી બની છે. પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો.

આ અંગેની માહિતી મુજબ લોધેશ્વર સોસાયટીમાં રહેતા વર્ષાબેન ભવેશભાઈ ઝરીયા (ઉ.વ.૨૮) નામના વિધવાએ પોતાના ઘરે રાત્રીના સમયે ઝેરી દવા પી જતા પરિવારે તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડયા બાદ તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું. આ બનાવ અંગે એએસઆઈ કે.યુ.વાળા અને સ્ટાફે કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે મૃતકનાં પરિવારમાંથી જાણવા મળ્યું હતું કે, પતિએ એકાદ મહિના પહેલા આર્થિક ભીંસથી આપઘાત કરી લીધો હતો. તેના વિરહમાં વર્ષાબેને આ પગલુ ભર્યું હતું. વર્ષાબેનને સંતાનમાં એક બે વર્ષની દીકરી છે. પહેલા પિતા બાદ માતાએ આપઘાત કરી લેતા હવે દીકરી નોંધારી બની હતી.

# પડધરીમાં પીકસઓન કંપનીમાં રોબોટ મશીન સાથે અથડાતા યુવાનનું કરૂણ મોત

## બે બહેનના એકના એક ભાઈનું અકાળે અવસાન થતા રાજુલાના છતરીયા ગામના પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીમાં આવેલી પીક્સઓન કંપનીમાં યુવક કામ કરતો હતો ત્યારે રાત્રીના અકસ્માતે રોબોટીક મશીનની ઠોકરે ચડી જતા તેને ગંભીર રીતે ઈજા પહોંચી હતી અને તેનું મોત નીપજ્યું હતું. જેથી બે બહેનોના એકના એક ભાઈના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થયો છે.

આ અંગેની માહિતી મુજબ રાજુલાના છતરીયા ગામે આવેલી ધર્મરાજ સોસાયટીમાં રહેતો કેયુર કિરણભાઈ અમરેલીયા (ઉ.વ.૨૪) એ પડધરીમાં આવેલી પીક્સઓન કંપનીમાં કામ કરતો હતો ત્યારે રાત્રિના સમયે રોબોટી મશીનનો ધક્કો લાગી જતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી યુવકને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. આ અંગે પડધરી પોલીસને જાણ થ તા પડધરી પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ દોડી આવ્યો હતો અને પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, મૃતક કેયુર બે ભાઈમાં મોટો હતો અને પડધરીમાં આવેલી કંપનીમાં કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. નાઈટ શિફ્ટમાં કામ કરતો હતો ત્યારે સ્પીડમાં કામ કરતા રોબોટીક મશીને કેયુર અમરેલીયાને ઠોકર મારતા તેનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# મોરબીનાં નવા ડેલા રોડ પર વેપારીના લાખો રૂપિયા સેરવી ગયો

## એકટીવાની ડેકીમાંથી ૧.૬૦ લાખ રૂપિયા રોકડા ચોરી કરી ગયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીનાં નવા ડેલા રોડ પર દિનદહાડે ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં ચોરે એક એકટીવાની ડેકી તોડી તેમાંથી રોકડ રકમની ચોરી કરી છે. ત્યારે બનાવને પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર, મોરબીના એવન્યુ પાર્કમાં રહેતા જમનાદાસભાઈ નામના વેપારી પોતાના ઘરેથી રોકડ રકમ લઈને ધરતી ટાવર પાસે આવેલ આંગડીયા પેઢીમાં કામ સબબ ગયા હતા. અને પોતાના એક્ટિવા ત્યાં જ પાર્ક કરી હતી. જેમાં રૂ.૧.૬૦ લાખ હતા. જ્યારે વેપારી આંગણિયામાંથી પોતાનું કામ પૂર્ણ કરી પરત આવી જોતા તેની એક્ટિવાની ડેકિમાં તે રકમ ન હતી. જેને લઈ તેણે તાત્કાલીક પોલીસને જાણ કરી હતી. અને બનાવને પગલે મોરબી સીટી એ ડીવીઝન પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આજુબાજુના સીસીટીવી કેમેરા તપાસવા સહિતની કામગીરી હાથ ધરી છે.

# જેતપુર વિધાનસભા વિસ્તારમાં મતદારોને જાગૃત કરવા નાયબ જિલ્લા વિકાસ અધિકારી રાજકોટના અધ્યક્ષસ્થાને આયોજન બેઠક યોજાઈ

## બી.એલ.ઓ દ્વારા ઘરે – ઘરે મુલાકાત લઈ મતદારોને જાગૃત કરાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ યોજાનાર લોકસભા ચૂંટણી અનુસંધાનના મતદાનમા ૭૪- જેતપુર વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ જેતપુર શહેર/ ગ્રામ્યના મતદાન મથકોમાં મતદાન વધારવા, મતદાનનું મહત્વ સમજાવવા તથા મહિલા મતદારોની મતદાનમાં ભાગીદારી વધે તે માટે મતદાર નોંધણી અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત )રાજકોટના અધ્યક્ષસ્થાને બી.એલ.ઓ. તથા સુપરવાઇઝરની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જ્યાં ૫૦% કરતા ઓછું મતદાન થયેલ હોય અને પુરૂષ-સ્ત્રીના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેતો હોય તેવા વિસ્તારોમાં વિવિધ સ્વીપ એક્ટીવીટી કરી મતદાનની ટકાવારી વધે, તેઓના ભાગમાં ઘરે-ઘરે મુલાકાત કરી મતદારોને જાગૃત કરવા તેમજ મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે તે માટે પ્રયત્નો કરવા અંગે સુચનાઓ આપવામાં આવી હતી.

આ અનુસંધાને બી.એલ.ઓ દ્વારા પોતાના વિસ્તારોમાં ઘરે-ઘરે મુલાકાત લઇ મહિલાઓને ખાસ મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી તથા ચુનાવી પાઠશાળા કાર્યક્રમ યોજી અને સંકલ્પ પત્ર વિતરીત કરી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત)રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વાંકાનેર, રાજકોટ પૂર્વ, રાજકોટ ગ્રામ્ય અને ધોરાજી વિધાનસભામાં મતદાન વધારવા પ્રયત્ન





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના નેતૃત્વમાં મતદાન અંગે જાગૃતિની કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં 'મતદાન જરૂર કરો અને કરાવો'ની નેમ સાથે વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી અંતરિયાળ વિસ્તારથી લઈને મહાનગર સુધી તમામ મતદારોને મતદાન માટે સતત પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે.

૬૭ – વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી સિદ્ધાર્થભાઈ ગઢવીના દિશાનિર્દેશ અનુસાર જાતિ આધારિત ૧૦%થી વધારે તફાવત ધરાવતા કુચિયાદડ ગામ ખાતે ભાગ નંબર ૨૧૧ તથા ૫૦%થી ઓછું મતદાન ધરાવતા ઘંટેશ્વર ખાતે ભાગ નંબર ૨૯૮ તથા ૨૯૯માં મતદાન વધારવા માટે ગામલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. લોકશાહીને સશક્ત કરવા માટે મતાધિકારનો સમજપૂર્વક ઉપયોગ કરવાની જાણકારી આપી હતી. તેમજ મતદાનના દિવસે મતદાનને પ્રાથમિકતા આપવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

૬૮ – રાજકોટ પૂર્વ વિધાનસભા મતદાર વિભાગમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણીના માર્ગદર્શન હેઠળ મામલતદારની સૂચના મુજબ વોર્ડ નંબર ૦૫માં મારુતિનગર વિસ્તાર અને વોર્ડ નંબર ૧૮માં કોઠારીયા રણુજા મંદિર ખાતે વોર્ડ ઓફિસરશ્રી દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા, મતદાન મથક, ચૂંટણીલક્ષી સેવાઓ આપતી એપ્લીકેશન્સ સહિતની બાબતો વિશે સમજૂતી આપવામાં આવી હતી. તેમજ ચૂંટણીમાં મતદાન કરવા તથા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ તકે 'અમે અવશ્ય મતદાન કરીશું'ના શપથ લેવામાં આવ્યા હતા.

૭૧ – રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી વિમલભાઈ ચક્રવર્તીના સૂચનો પ્રમાણે પુરુષ અને સ્ત્રી જાતિના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેલો હોય તેવા મતદાન મથક વિસ્તારમાં મતદાન જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આથી, રાજકોટ તાલુકાના લાપાસરી ગામ ખાતે ભાગ નંબર ૧૯૨ અને ખોખડદડ ગામ ખાતે ભાગ નંબર ૧૯૩ તથા ૧૯૪ તેમજ લોધીકા તાલુકાના પાળ ગામ ખાતે મામલતદાર તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના અધ્યક્ષસ્થાને મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનોને સહપરિવાર મત આપવા જવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને જાતિ આધારિત તફાવત દૂર કરવા મહિલાઓને મતદાનની પ્રક્રિયા સમજાવીને સૌને અચૂક મતદાનની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

૭૫ – ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી જયેશભાઈ લીખિયાના વડપણ હેઠળ ધોરાજીમાં આવેલી સરસ્વતી કોલેજ ખાતે આયોજિત મતદાન જાગૃતિ કાર્યક્રમમાં યુવા મતદારોને મતદાનનું મહત્વ અને ચૂંટણી પંચની વિવિધ એપ્લીકેશન્સ અંગે માહીતગાર કરવામાં આવ્યાં હતા. વિદ્યાર્થીઓએ 'મેં ભારત હું, ભારત હૈ મુજ મેં..' વિડીઓ સોંગ નિહાળ્યું હતું. અને ચૂંટણીમાં અચૂક મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે કોલેજીયનોને 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ' સૂત્ર દર્શાવતી કેપ આપવામાં આવી હતી. ચૂંટણીલક્ષી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પરિવારને સાથે લઈને મતદાન કરવા જવા તથા આજુબાજુમાં રહેતા લોકોને મતદાન માટે પ્રેરિત કરવા માટે અપીલ કરવામાં આવી હતી. આ તકે મામલતદાર કચેરી અને કોલેજના સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉપરાંત, રાજકોટ જિલ્લાના રાણપુર ગામ, ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે તાલુકા કન્યા શાળા સહીત જિલ્લાભરની સરકારી અને ખાનગી શાળાઓ ખાતે ચુનાવી પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મતદાન સંકલ્પ પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ, ૧૦ – રાજકોટ સંસદીય વિસ્તારમાં ઠેર-ઠેર વધુમાં વધુ લોકો ચૂંટણીમાં સહભાગી બને, તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# આટકોટ ખાતે કલેકટરના અધ્યક્ષસ્થાને મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ તથા અધિક કલેકટર અને નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં જિલ્લામાં નોંધાયેલા દરેક મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં જોડાઈ તે માટે સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાર જાગૃતિ સંદર્ભે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

આ ઉપક્રમે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં જસદણ તાલુકાના આટકોટ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં મોટી સંખ્યામાં મહિલા મતદારો ઉપસ્થિતિ રહેલ હતા. તથા મહિલાઓનું મતદાન વધારવા માટે અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ તમામે મતદાન માટે શપથ ગ્રહણ કર્યા હતા.

આમ, મહિલાઓ પણ વધુ મતદાન કરે તે માટે સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાન જાગૃતિસભર વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આજની યુવાપેઢી પણ મતદાન જાગૃતી કાર્યક્રમમાં વધુ સહભાગી બનીને લોકશાહીને મજબૂત કરવા માટે જિલ્લાના દરેક મતદાતાઓને અચૂક મતદાન કરવા માટેની અપીલ કરીને લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં પોતાનું યથા યોગદાન આપી રહી છે.

# રાજકોટના બેડલા ગામે નાણાંની ઉચાપતના કેસમાં સુપ્રીમ કોર્ટે આરોપીના આગોતરા જામીન મંજુર કર્યા

## બેડલાના સરપંચ અને જળસ્ત્રાવ વિકાસ સમીતીના પ્રમુખને નાણાની ઉચાપત કરવાના ગુન્હામાં આગોતરા જામીન મળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના બેડલા ગામમાં સરપંચ તરીકે તથા જળસ્ત્રાવ વિકાસ સમિતીના બેડલા ગામના પ્રમુખ તરીકે પદ ધરાવતા અજયભાઈ નાથાભાઈ સોરાણી વિરૂધ્ધ અશોકભાઈ કરૂણાશંકર મહેતા કે જેઓ રાજકોટ તાલુકા પંચાયત કચેરીમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી હોય તેના ધ્વારા એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૫૧૧ મુજબના ગુન્હાની ફરીયાદ આપવામાં આવેલી હતી.



બનાવની હકીકત જોવામાં આવે તો આ કામના આરોપી બેડલા ગામના સરપંચ હોય અને બેડલા ગામ જળસ્ત્રાવ વિકાસ સમિતીના પ્રમુખ હોય સરકારશ્રીની વર્ષ-૨૦૨૨-૨૩ ની સાલમાં પ્રધાનમંત્રી કૃષી સિંચાઈ યોજના અંતર્ગત ૧૨૦ એગ્રી સ્પે પંપની ફાળવણી કરવામાં આવેલી હતી. ત્યારબાદ લાભાર્થીઓની યાદી તૈયાર કરી ૧૨૦ એગ્રી સ્પે પંપની વહેંચણી કરવાની હોય તેના બદલામાં ૫૭ લાભાર્થીઓને એગ્રી સ્પ્રે પંપ આપવામાં આવેલ હતા જયારે ૬૩ એગ્રી સ્પ્રે પંપ નહી આપી અને ગેરરીતી આચરી ખોટા દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી કુલ રૂા.૫,૫૮,૦૦૦/- ના નાણા મેળવવા સરકારી કચેરીમાં બીલો મુકી નાણા મેળવવા પ્રયત્ન કરી ઘણાબધા ખાતેદારોની ખોટી સહીઓ કરાવડાવેલ હતી અને નાણાની ઉચાપત કરવાની કોશીશ કરેલ હતી તે મતલબનો ફોજદારી ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

જે અનુસંધાને બેડલા ગામના સરપંચ અજયભાઈ નાથાભાઈ સોરાણી ધ્વારા આગોતરા જામીન મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવેલ હતી જે અરજીના કામે નામદાર સુપ્રિમ કોર્ટમાં બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા એવી દલીલ કરવામાં આવેલી હતી કે આ કામના આરોપી ધ્વારા આવી કોઈ નાણાની ઉચાપત કરવામાં આવેલી નથી તેમજ એગ્રી સ્પ્રે પંપના લાભાર્થીઓની યાદી પણ આ કામના આરોપી ધ્વારા બનાવવામાં આવેલ નથી વધુમાં આ કામના આરોપી ધ્વારા ખોટા બીલો રજુ કરવામાં આવેલ નથી કે પોતાના એકાઉન્ટમાં નાણા મેળવેલ હોય કે સરકાર સાથે કોઈપણ જાતની છેતરપીંડી કે ઉચાપત કરેલ હોય તેવું બનેલ નથી તેમ છતા રાજકીય રાગધ્વંશના આધારે ખોટી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.વધુમાં બચાવ પક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં એવી રજુઆત કરવામાં આવેલ કે આ કામના આરોપી ધ્વારા કોઈપણ લાભાર્થીઓની ખોટી સહીઓ મેળવી બીલો બનાવેલ હોય તેવું બનેલ નથી તેમજ આ કામના અરજદાર આરોપી સરપંચ તરીકે પોતાની જવાબદારીઓ સુવ્યવસ્થીત રીતે નિભાવી રહેલ હોય અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ ન હોય તે મતલબની દલીલો કરવામાં આવેલ હતી.

જે આગોતરા જામીન અરજીના અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આ કામના આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટમાં બચાવ પક્ષવતી જયકીર્તીબા જાડેજા તથા રાજકોટના યુવા એડવોકેટ ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, જયવિર બારૈયા, મીલન જોષી, દીપ વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, સાગરસિંહ પરમાર તથા જયપાલસિંહ સોલંકી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# પરષોત્તમ રૂપાલાની ટીકીટ રદ કરવા ક્ષત્રિય મહિલાઓએ આપી જોહરની ચિમકી

## ચિમકી ઉચાર્યા બાદ પ્રદેશ ભાજપ કાર્યાલયની ફરતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ લોકસભામાં ભાજપના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ્દ કરવાની માંગણીને લઈને આપેલી અલ્ટિમેટમ શુક્રવારે પૂર્ણ થતા ક્ષત્રિય સમાજની મહિલાઓએ જૌહર કરવાની ચીમકી આપી છે. શનિવારે સાંજે અહીંના કોબામાં પ્રદેશ કાર્યલાય શ્રી કમલમે પહોંચી જૌહર કરવાના એલાનને પગલે કાર્યલાયની ફરતે તેમજ અમદાવાદ અને ગાંધીનગરથી આવતા માર્ગો ઉપર પોલીસ બંદોબદસ્ત ખડકી દેવાયો છે.

બે સપ્તાહથી ચાલતા વિવાદમાં શુક્રવારે બપોરે અચાનક અમદાવાદના બોપલમાં રહેતા ગીતાબા પરમાર, જામનગરથી ચેતનાબા જાડેજા અને સુરેન્દ્રનગરના પ્રજ્ઞાબા ઝાલાએ વારાફરથી વીડિયો મારફતે ભાજપે રાજકોટમાંથી પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ્દ ન કરતા શનિવારે બપોરે ૪ વાગે ભાજપ પ્રદેશ કાર્યલાયે પહોંચીને જૌહર કરવાનુ એલાન કર્યુ હતુ. જેથી રાજ્યની પોલીસ તેમજ ક્ષત્રિય સમાજના આગેવાનોએ તેમને સમજાવવા પ્રયાસો શરૂ કર્યાનું જાણવા મળ્યુ છે. આ તરફ શનિવારે કોઈ પણ પ્રકારની અનિચ્છનિય ઘટના ન સર્જાય તેમજ સામાજીક સૌહાર્દતા બની રહે તે માટે પોલીસ અને ઈન્ટેલિજન્સ બ્યુરો- ઈંઇ આ મહિલાઓ તેમજ ભાજપના કાર્યલાયોની પાસે ખાનગી ડ્રેસમાં નજર રાખી રહી છે. તદ્ઉપરાંત આ તમામ જગ્યાએ પોલીસ બંદોબસ્તને ખડકી દેવાયો છે. ભાજપના ક્ષત્રિય આગેવાનોએ પણ ઉક્ત બહેનો અને તેમના પરિવારજનોને શાંતિ રાખવા, સમજાવટ માટે એડિચોટીનું જોર લગાવ્યુ છે.

જૌહર કરવાની જાહેરાત વચ્ચે શુક્રવારે રાજસ્થાન સ્થિત કરણીસેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલ સિંહ મકરાણાએ ગુજરાતમાં ચાલી રહેલા વિવાદનો વિરોધ કરવા, મુદ્દાને ભારતભરમાં લઈ જવા શનિવારે અમદાવાદ આવવાની જાહેરાત કરી છે. તેઓ અહીં ગુજરાતમાં ક્ષત્રિય આગેવાનો તથા કરણીસેનાના હોદ્દેદારો સાથે અમદાવાદ અને રાજકોટમાં બેઠક યોજશે તેમ જાણવા મળ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિવાદાસ્પદ નિવેદન સંદર્ભે રૂપાલા અને પ્રદેશ ભાજપ પ્રમુખ પાટિલ જાહેરમાં માફી માંગી ચૂક્યા છે. પરંતુ, ક્ષત્રિય સમાજના આગેવાનોએ ભાજપ સમક્ષ રૂપાલાની ઉમેદવારી પાછી ખેંચવાની માંગણી ઉપર અડીખમ છે. જેના કારણે બંને પક્ષે પરિસ્થિતિ વધુ તંગ બની રહી છે.

# માધવ વાટીકા સોસાયટીમાં લગ્નના ૧૩ દિવસ પૂર્વે યુવાનનો આપઘાત

## લગ્ન ગીતો ગવાય તે પહેલાં મરશીયા ગવાતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ વિસ્તારમાં આવેલી માધવ વાટીકામાં રહેતા યુવકનાં પખવાડીયા બાદ લગ્ન લેવાયા હતા અને યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.એક બાજુ તેમના ઘરમાં લગ્નની તૈયારીઓ થતી હતી અને બીજી બાજુ યુવાને આ પગલુ ભરી લેતા જ પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ માધવ વાટીકા સોસાયટી શેરી ૫માં રહેતા નારાયણ લાલદાસભાઈ દાણીધારીયા નામના ૨૩ વર્ષના યુવાને ગઈકાલે રાત્રીના પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારે તેમના



મૃતદહેને સિવિલ હોસ્પિટલે ખસેડયો હતો. ત્યાં ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો.

નારાયણ બે ભાઈ એક બહેનમાં વચેટ હતો. પોતે સર્વિસ સ્ટેશનમાં ગાડી ધોવાનું કામ કરતો હતો. તેમનું જસદણની યુવતી સાથે સગપણ થયું હતું. તેની સાથે તા.૧૮/૪ના રોજ લગ્ન નિધરિલ હતા ત્યાં યુવકે આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.એમ. ધરજીયા અને સ્ટાફ પાસેથી જાણવા મળ્યું હતું કે, આપઘાત કરી લેનાર નારાયણના પિતાનું અગાઉ અકસ્માત થયો હતો તેઓ પથારીવશ છે. ગઈકાલે તેમનો રૂમ ખખડાવતા કંઈક શંકાસ્પદ જણાતા દરવાજો તોડી અંદર પ્રવેશ કરતા પુત્ર નારાયણ લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. ત્યારબાદ તેમને હોસ્પિટલ ખસેડાતા તેમને સારવારમાં જ દમ તોડી દીધો હતો.

# ગોંડલના કમઢીયા ગામે મામાદેવના દર્શન કરવા જતા બે મિત્રોને કાળ ભેટયો

## સામસામે ધડાકાભેર બે બાઈક અથડાતા જેતપુરના બે યુવાનોના કરૂણ મોત નિપજતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, ગોંડલ**

જેતપુર પંથકના બે યુવાનો ડાઈંગના કારખાનામાં કામ કરતા હોય જે પોતાના હોન્ડા પર ગોંડલના કમઢીયા ખાતે આવેલા મામાદેવના મંદિરે દર્શન કરવા નીકળ્યા હતા ત્યારે બંને મિત્રોને ૦ અકસ્માત નડ્યો હતો અને આ અકસ્માતમાં બંનેના કરુણ મોત નીપજ્યા હતા. ઘટના બાદ ગોંડલ તાલુકા પોલીસે સ્થળ પર દોડી જાઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.









આ અંગેની માહિતી મુજબ ગોંડલના કમઢીયા ગામ પાસે મામાદેવના મંદિર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નવાગઢ ગામથી હરિભાઈ મકવાણા અને પ્રકાશ ભવાનભાઈ મેણીયા નામના બે ખાસ મિત્રો કમઢીયા ખાતે મામાદેવ મંદિરે દર્શન કરવા નીકળ્યા હતા તે સમયે તેમની બાઇક અને બાઈક સાથે ધડાકે ભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે મિત્રોના મોત નિપજ્યા છે. બાઇકની ટક્કર મારનાર ચાલક અકસ્માત કરીને ફરાર થઈ ગયો હતો. અકસ્માત થતા આજુબાજુના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને સત્વરે૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી, તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર બને મૃતક યુવાનો નવાગઢ અને સરધારપુર ગામના છે અને ડાઇંગના કારખાનામાં છૂટક મજૂરી કામ કરતા હતા. મૃતક હિતેશ હરિભાઈ મકવાણા (ઉ.વ.૧૭) ને પરિવારમાં બે ભાઈઓમાં સૌથી નાનો હતો. તો પ્રકાશ ભવનભાઈ મેણીયા (ઉ.વ. ૨૦)ન બે ભાઈઓમાં સૌથી નાનો હતો. અકસ્માત સજીર્ને ફરાર થયેલા બીજા બાઈક ચાલકને પકડી પાડવા સુલતાનપુર હાથ ધરી છે.

# મેશન કલબ ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લી. મંડળીના સંચાલકોએ વૃધ્ધા સાથે કરી રૂા.૩૩.૫૦ લાખની ઠગાઈ

## પતિનું અવસાન થતાં એફ.ડી વટાવવા ગયેલ માતા-પુત્રને મંડળી સંચાલકે ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વૈશાલી નગરમાં રહેતાં વૃધ્ધા અને તેમના મૃતક પતિને ઊંચા વળતરની લાલચ આપી મેશન કલબ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લી. ના ચેરમેન પરાગ અનિલ સોલંકી અને તેની પત્ની ડાયરેક્ટર ઊર્મિબેન પરાગ સોલંકીએ રૂ.૩૩.૫૦ લાખની છેતરપીંડી આચરી રૂપિયા લેવા ગયેલા માતા-પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ મામલે પોલીસ ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ રૈયારોડ પર વૈશાલી નગરમાં આવેલ સાગર એપાર્ટમેન્ટમાં રહેતાં અરૂણાબેન મનસુખભાઈ પોરીયા (ઉ.વ.૭૫) એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મેશન કલબ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટી લી. ના ચેરમેન પરાગ અનિલ સોલંકી અને ડાયરેક્ટર ઊર્મિબેન પરાગ સોલંકીનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ અરુણાબેનના પતિનું એક વર્ષ પૂર્વે અવસાન થયું હતું.

સંતાનમાં બે પુત્ર છે. જેમાં મોટો પુત્ર જર્મની રહે છે. જ્યારે નાનો પુત્ર જયેશભાઈ તેમની સાથે રહે છે. અરુણાબેનના પતિ મનસુખભાઈ પોરીયાએ જ્ઞાતીના પરાગ સોલંકીએ તેની મંડળી મેશન કલબ ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટીમાં રોકાણ કરો તમને સારૂ એવુ વળતર વ્યાજ સહીત આપીશ તેમ કહી અલગ અલગ એફડી કરાવી હતી. ૧૦.૪૩ ટકાના દરે વર્ષ ૨૦૨૦માં અલગ અલગ રીતે રૂમ.૯.૭૪ લાખ જેટલું રોકાણ કર્યું હતું. એક વર્ષ પૂર્વે જ્યારે અરુણાબેનના પતિનું અવસાન થતાં આર્થીક પરીસ્થિતી નબળી થતા માતા-પુત્રએ મંડળી માંથી એફ.ડી. વટાવવા અને તેના નાણા મેળવવા માટે મંડળીનો સંપર્ક કર્યો ત્યારે પરાગ સોલંકી પાકતી રકમ પરત આપવા માટે ગલ્લા તલ્લા શરૂ કર્યા હતા જેથી જીલ્લા રજીસ્ટ્રારને અરજી કરી હતી.

આ બાબતે જ્યારે અરુણાબેનના પુત્રએ આર.ટી.આઇ. મારફતે અરજી કરી માહીતી માંગતા રોકાણ અંગેના ફીક્સ ડીપોઝીટનુ કોઈ જ વ્યાજ ચુકવેલ ન હોવાનું અને ડિપોઝીટની રકમ સહિત રૂ.૩૩.૫૦ લાખની રકમ પાકતી હોવાનું જાણવા મળ્યું હતુ જેથી માતા-પુત્ર બંને પાકતી રકમ ઉપાડવા મેસન કલબ ક્રેડીટ કો.ઓપરેટીવની ઓફીસે ગયેલ ત્યારે પરાગ અને તેની પત્ની ઊર્મિલાબેને સોલંકીએ ગાળો આપી અરુણાબેનને ધક્કો મારી રોડમાં નીચે પછાડી દીધા હતા.

આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલોસે ગુનો નોંધી પીઆઈ બી.ટી.અકબરી સાથે પીએસઆઈ એન.વી.હરિયાણી સહિતના સ્ટાફે માતા પુત્રને સકંજામાં લેવા તપાસ હાથ ધરી હતી.

# ધોરાજીમાં દારૂનો વેપલો ચલાવતા બે નામચીન બુટલેગરો પાસામાં ધકેલાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોકસભા ની સામાન્ય ચૂંટણી આવી રહી છે ત્યારે રાજકોટ શહેર અને જિલ્લામાં નામચીન શકશો અને અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂકેલા સકસો સામે પોલીસે હદભરી અને પાસા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે ધોરાજીના બે નામચીન બુટલેગરોને પાસામાં ધકેલી દેવામાં આવતા બુટલેગરોમાં ફફડા ફેલાયો છે. આ અંગેની માહિતી મુજબ અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુદ્ધ સખત પગલાં લેવા ની સુચના ના પગલે નાયબ પોલીસ અધિક્ષક આરએ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ ધોરાજી સિટી પોલીસ




ના પીઆઇ આર જે ગોધમ તથા સ્ટાફ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ઈંગ્લિશ દારૂનો ગેરકાયદે વેચાણનો મોટાભાઈ ધંધો કરતા સક્ષો સામે પાસા નું શસ્ત્ર પૂગામી અટકાયત કરવામાં આવી છે જેમાં ધોરાજીમાં રહેતો ઇમરાન શાદી નેવીવાલા અને જુનાગઢ માં રહેતો વાહીદ રજાક કુરેશી નામના બંને નામચીન બુટલેગરો નો ગુનાહિત ઇતિહાસ ચેક કરતા તે દારૂનો વેપલો કરતા અનેકવાર પોલીસ ચોપડે ચડી ચૂક્યા હોય પોલીસે બંનેની અટકાયત કરી પાસા નું વોરંટ બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ અને વડોદરા મધ્યસ્થ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે

# કિરણનગર સોસાયટીના આહીર બંધુએ આચર્યુ મસમોટુ જમીન કૌભાંડ

## અમદાવાદના વૃધ્ધના મૃતક પિતા અને ફઈની ખોટી સહી કરી દસ્તાવેજમાં બોગસ ફોટા લગાડયા, સાક્ષી પણ ખોટા રજૂ કર્યા, વારસાઈ નોંધ કરાવવા જતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદના ઈશનપુર ખાતે વ્રજવધન સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન જીવતા મનસુખલાલ બળવંતરાય મેર (ઉ.૭૩) નામના વૃદ્ધે રાજકોટની કિરણનગર સોસાયટીમાં રહેતા બે સગા ભાઈ સંદીપ લક્ષ્મણભાઈ ડાંગરીયા, જીગ્નેશ લક્ષ્મણભાઈ ડાંગરીયા સામે એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


ફરિયાદમાં જણાવ્યું હતું કે તેના પિતા બળવંતરાય ખેતશીભાઈ મેર અને ફઈ સરસ્વતીબેનની માલિકીની ખત્રીવાડમાં કરશનદાસ માંડવીયાની શેરી,બાવાજી રાજ રોડ પર સર્વે નંબર ૬૫ની ૧૩.૩૫ ચોરસ મીટર જમીન અને સીટી સર્વે નંબર ૭૦ની ૩૯.૧૫ ચોરસ મીટર જમીન મળી કુલ ૫૨.૬૮ ચોરસ મીટર જમીનની મિલકત આવેલી હોય જેના પાકા લેખ સ્ટેટ પાસેથી ખરીદ કર્યા હતા. દરમિયાન ફઈનું અમદાવાદ ખાતે ૧૯૯૩માં અને પિતાનું ૨૦૧૦માં મૃત્યુ થયું હતું અવસાન બાદ અમે સમયાંતરે આટાફેરા કરતા હતા ૨૦૨૦ કોરોના પછી બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું દરમિયાન પાંચ માસ પૂર્વે રાજકોટ આવી મિલકતની વારસાઈ કાર્યવાહી કરાવવા રાજકોટ આવતા સંદીપ અને જીગ્નેશના નામે પ્રોપર્ટી કાર્ડ હોવાનું જાણવા મળતા તપાસ કરતા ઉપરોક્ત બંનેએ મારા મૃતક પિતા અને ફઈના નામની ખોટી સહી અને અંગુઠાના નિશાન કરી બોગસ દસ્તાવેજ બનાવી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધી કરાવી લીધાનું જાણવા મળતા અંતે આ છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવતા પીઆઈ આર જી બારોટ અને ટીમે તપાસ હાથ ધરી છે.

# શાપર-વેરાવળમાં તમંચા સાથે રાજકોટના શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળ-રાજકોટ હાઈ-વે રોડ રવેચી ટી-સ્ટોલ નજીક થી રાજકોટ ગ્રામ્ય એલસીબીએ તમંચા સાથે રાજકોટના શખ્સની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

આગામી સમયમાં યોજાનાર લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠૌડ દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર હથિયારધારા કેસો શોધવા અંગેની સ્પેશ્યલ ડ્રાઈવ રાખવામાં સૂચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને



ગ્રામ્ય એલ. સી.બી.ના પી. આઈ વી.વી.ઓડેદરા અને તેમની ટીમે બાતમીના આધારે મૂળ કાલાવડના ખડધોરાજીના અને હાલ કોઠારીયા સોલ્વટ રસુલપરા જમજમ ચોક પાસે રાજકોટમાં રહેતા ફેસલ સલીમભાઈ સપાને ૫,૦૦૦ની કિમતના દેશી તમંચો અને ૨ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધો હતો.

એલસીબીના પી. આઈ વી.વી.ઓડેદરા સાથે પીએસઆઈ એચ.સી.ગોહિલ તથા ડી.જી.બડવા તથા એ.એસ.આઈ. રવિદેવભાઈ બારડ, રોહિતભાઈ બકોત્રા, વકારભાઈ આરબ, બાલકૃષ્ણાઈ ત્રીવેદી, મેહુલભાઈ સોનરાજ, પ્રકાશભાઈ પરમાર, રસીકભાઈ જમોડ વિગેરે કામગીરી કરી હતી.

# દેવપરામાં બાળકે ભુલથી ઝેરી દવા પી લેતા મોતઃ પટેલ પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેવપરામાં રહેતા પટેલ પરિવારનું ચાર વર્ષનું બાળક ઘરે રમી રહ્યું હતું ત્યારે તે રમતા રમતા માંકડ મારવાની દવા પી જતા તેની તબિયત લથડતા સારવાર માટે જનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતુ પરંતુ અહી તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના શહેરમાં દેવપરામાં રહેતા રઘુભાઈ વેદકિયા નામના પટેલ વેપારીનો અજય નામનો ચાર વર્ષીય માસૂમ બાળક ગત ગુરુવારના રોજ પોતાના ઘરે રમી રહ્યો હતો અને પરિવારજનો કામમાં વ્યસ્ત હતા ત્યારે બાળકે રમતા રમતા ભૂલથી માંકડ મારવાની દવા ગટગટાવી લેતા તેની એકાએક તબિયત લથડતા સારવાર માટે જનના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને અહી તેને દાખલ કરવામાં આવ્યો હતો.પરંતુ અહી તેનું ટૂંકી સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ હોસ્પિટલે દોડી ગયા હતા અને તેના મૃતદહેને પીએમ અર્થે ખસેડી કાર્યવાહી કરી હતી. મૃતક બાળક એક ભાઈ અને એક બેનમાં નાનો હતો. હાલ માસૂમ બાળકના મોતથી પટેલ પરિવાર પર દુખનું આભ ફાટ્યું છે. જેથી જો બાળક ઘરમાં એકલું રમતું હોય તો તેની પાસે આવી ઝેરી પ્રવાહી ન આવી જાય તેનું વાલીઓએ ધ્યાન રાખવું અનિવાર્ય બન્યું છે.

# ગુજરાત ઠાકોર-કોળી વિકાસ નિગમના પૂર્વ ચેરમેનની સમાજના લોકોને અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજય ઠાકોર-કોળી વિકાસ નિગમના પૂર્વ ચેરમેન, માંધાતા ગ્રુપ(ગુજરાત) ના સ્થાપક, તળપદા કોળી સમાજ ભવનાથના પ્રમુખ ભુપતભાઈ ડાભી જ્ઞાતી જોગ એક વિજ્ઞપ્તિમાં જણાવે છે કે ભારતીય જનતા પક્ષે કોળી સમાજને ગુજરાતમાં ૭-ટીકીટ ફાળવેલ છે રાજકીય ક્ષેત્રે ઘણુ આપેલ છે હાલમાં જ સૌરાષ્ટ્રમાં ભાવનગર, જુનાગઢ અને સુરેન્દ્રનગર લોક સભાની બેઠકો પર કોળી સમાજના ઉમેદવારને ત્રણ ટીકીટ આપેલ છે. ઉપરાંત રાષ્ટ્રપતિ થી લઈને રાજયસભામાં પણ કોળી સમાજને પ્રતિનિધિત્વ આપેલ છે. ગુજરાત વિધાનસભામાં



ધારાસભ્યો તેમજ મંત્રી મંડળમાં પણ પુરતુ સ્થાન આપેલ છે. આવી સાનુકુળ પરિસ્થિતિ વચ્ચે અમુક વિઘ્ન સંતોષી લોકોનો હાથા બની ભાજપનો વિરોધ કરવો યોગ્ય નથી. આમ કરવાથી સમાજને જ નુકશાન થશે અને રાજકીય રીતે સમાજને વિનંતી કરતા જણાવે છે કે ભાજપનો ખોટી રીતે વિરોધ કરી સામાપુરે તરવાને બદલે ભાજપની સાથે રહી દેશ અને દુનિયાના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા આથી જણાવે છે. સમસ્ત કોળી સમાજ આખા ગુજરાતનો ભારતીય જનતા પાર્ટી સાથે છે.